## વડીલોને વંદન અભિનંદન



ઉષાબેન પંઢરીનાથ જગતાપ (૧૯૪૬) મો. ૯૬૨૪૦૦૯૯૯૭



જશવંત ગાંધી (૧૯૫૪) ફોન : ૨૩૨૨૨૩૭૦

# મોડાસામાં ભાજપના દિપસિંહ રાઠોડની રેલીને નબળો પ્રતિસાદ

## મોડાસામાં ભર બપોરે રેલી કાઢતા માંડ ગણ્યા ગાંઠ્યા લોકો જોડાયા માત્ર બાઈક સવારોને લઈને મોડાસામાં ફર્યા : ઠાકોર તથા આદીવાસી મતો નિર્ણાયક બને તેવી ચર્ચા

મોડાસા, તા. ૨૫

મોડાસા શહેરમાં આજે સાબરકાંઠી લોકસભાના ભાજપના ઉમેદવાર છેલ્લે છેલ્લે પધાર્યા હતા અને જીપમાં બેસી રોડ સૉ કર્યો હતો પણ આ રોડ સૉ માં માંડ થોડા માણસ જોડાતા નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. સાબરકાંઠામાં કોંગ્રેસનો ઉમેદવાર મજબૂત હોવાથી માત્ર મોડાસા પાલિકામાં ટીકીટ લેવા ઈચ્છૂક કાર્યકરો જ જોઈ શકાતા હતા. અરવલ્લીના મોડાસામાં આજે સાબરકાંઠા લોકસભાના ઉમેદવાર દિપસિંહ રાઠોડ ચૂંટણી નજીક છે ત્યારે છેલ્લે મોડાસામાં દેખાયા હતા. રોડ પર રૂબરૂ નીકળી પ્રચાર કરવાના બદલે ખૂલ્લી જીપમાં બેસી સ્થાનિક મોડાસા પાલિકા પ્રમુખ સહિતના અમુક કાર્યકરો સાથે રોડ સૉ યોજ્યો હતો. પણ જંગી મેદની ભેગી કરવામાં સરેઆમ નિષ્ફળ રહ્યા હતા. પગપાળા ચાલતા કાર્યકરોનો અભાવ હતો. માત્ર ગણ્યા-ગાંઠ્યા બાઈકસવારો જોવા મળ્યા હતા. આમ પણ આ સીટ ફીક્સ હોવાની ચર્ચા છે જેના લીધે ભાજપના કાર્યકરોમાં નિરાશા છે. શંકરસિંહ સામે અમુક કાર્યકરોએ ઘૂટણીયા ટેકવી દીધા જેવો ઘાટ છે. આ સીટ પર આદીવાસી, ઠાકોર મતો નિર્ણાયક બનશે.





દુનિયામાં અને દેશમાં અનેક લોકો એવા છે કે પોતે શારીરિક અશક્ત હોવા છતાં કાઠુ કાઢ્યુ છે. ત્યારે મન હોય તો માળવે જવાય અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. આ ઉક્તિને ખેડબ્રહ્મા તાલુકાના મુળ લક્ષ્મીપુરાના રહિશ અને હાલ અમદાવાદ ખાતે અભ્યાસ કરતા પરેશ પટેલે સાર્થક કરી છે. પરેશભાઈને નાનપણમાં જ કુદરતની થપાટ વાગતા પોલિયોના શિકાર બન્યા તેઓ અપંગ હોવા છતાં પોતાનો ખર્ચ જાતે ઉઠાવવા ભિક્ષુક ગાડી ચલાવી અભ્યાસ કરે છે. તેઓ અપંગ હોવા છતાં અનેક લોકોની જીંદગી બચાવી ચુક્યા છે. પરેશભાઈ ઝેરી સાપ પકડવાનું પણ સેવાકીય કાર્ય કરે છે. તેમણે અત્યાર સુધી કેટલાય ઝેરી સાપ પકડીને જંગલમાં છોડી દે છે. ત્યારે તેમની બહેન પણ ભાઈના પગલે સેવાકીય કાર્ય કરે છે. તેમની બહેન જીવીત સાપ, અજગરને રમકડાની જેમ રમાડે છે. (તસવીર : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

(તસવીર : ચેતન રામી)



લોકસભાની ચૂંટણીને લઈ આજે હિન્દી ધારાવાહીક શ્રેણી 'તારક મહેતાના ઉલ્ટા ચશ્મા'ના કલાકારોની ટીમ પાટણમાં આવી પહોંચી હતી જેમાં શ્રેણીના કલાકાર નટુકાકા ઉર્ફે ઘનશ્યામભાઈ નાયક, બાઘો તેમજ પત્રકાર પોપટલાલ જોડાયા હતા અને પાટણના વિવિધ વિસ્તારોમાં રોડ શૉ કરી ભાજપ માટે પ્રચાર કર્યો હતો.

# કટોકટી કાળ જેવો જ કોંગ્રેસ વિરોધી જુવાળ : સીતારામન

## પ્રજા પરિવર્તન ઈચ્છે છે : કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની સરકાર બનશે : કોંગ્રેસમાં હાલ નેતૃત્વ કટોકટી

અમદાવાદ, તા. ૨૫

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારમને આજે એવો દાવો કર્યો હતો કે જ્યારથી લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ છે અને પ્રથમથી છઠ્ઠા તબક્કાના મતદાન સુધી મતદારોનો જે એકધારો મુડ દેખાઈ રહ્યો છે તે દર્શાવે છે કે તા. ૧૬મી મેના પરીણામ બાદ દેશમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની અને ભાજપના નેતૃત્વવાળા એનડીએની જ સરકાર બનશે. હાલમાં, સમગ્ર દેશમાં કટોકટીના કાળ જેવો સરકાર વિરોધી જબરજસ્ત લોક જુવાળ જોવા મળી રહ્યો છે જે કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારના સુપડા સાફ કરી નાંખશે.

અમદાવાદ ખાતે એક ભરચક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતના રાજકારણમાં જ્યારથી લોકસભાની ચૂંટણી જાહેર થઈ છે ત્યારથી કોંગ્રેસ મુક્ત ભારતનો દરેકને અહેસાસ થઈ ગયો છે. લોકોએ નક્કી કરી લીધું છે કે, કોંગ્રેસના શાસનને હટાવવાનું છે. અત્યાર સુધીમાં જેટલા પણ તબક્કામાં લોકસભાની ચૂંટણી પૂરી થઈ છે, ત્યાંના મતદારોને મુડ જોતા એવું સ્પષ્ટ લાગે છે કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ અને એનડીએની સરકાર રચવાની છે અને દરેક લેવલે લોકોને એવી પ્રતીતી થઈ ગઈ છે કે, સારા દિવસો આવવાના છે. વધુમાં તેમણે જણાવ્યું છે કે દેશભરમાં ચૂંટણી થઈ રહી છે ત્યારે લોકોએ ગુજરાતના મોડેલને સ્વીકાર્યું છે. નકારાત્મક રાજનીતિ કરનારાઓની રાજનીતિ ચૂંટણીના પહેલા ચરણથી જ નાબૂદ થઈ ગઈ છે. નરેન્દ્ર મોદીની નેતાગીરી માત્ર ગુજરાત સુધી સીમિત નથી. દેશમાં મોદીની લહેર નથી પરંતુ તે મીડીયામાં ઉભી કરાઈ રહી છે એવા વડાપ્રધાન ડો. મનમોહનસિંહના નિવેદન અંગે ઉગ્ર પ્રત્યાઘાત આપતાં નિર્મલા સીતામરને કહ્યું કે, મોદી લહેર એ જનતાનો સ્વંયભૂ આવકાર છે. કટોકટી વખતે જનતાનો જે સ્વયંભૂ આવકાર છે, કટોકટી વખતે જનતાનો જે કોંગ્રેસ સરકાર પ્રત્યે આક્રોશ હતો તેવો જ આક્રોશ જનતામાં અત્યારે દેખાય રહ્યો છે. મોદી લહેર એ એકતાની લહેર છે. મોદી લહેર એ ઉમ્મીદોની લહેર છે. લોકોની આશાની લહેર છે.

લોકો ઈચ્છે છે કે, કેન્દ્રની યુપીએ સરકાર જાય અને સારી સરકાર આવે. આ વખતની ચૂંટણીમાં યુવાનો અને મહિલાઓ ખૂબ મોટી સંખ્યામાં મતદાન કરવા બહાર નીકળી આવી છે, તે બતાવે છે કે, આવનાર દિવસોમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ અને એનડીએની સરકાર બનશે. પ્રિયંકા ગાંધીના વિધાનોની ટીકા કરતાં નિર્મલા સીતારમને જણાવ્યું હતું કે એ વિધાનો પાછળ તેમની નિરાશા દેખાય છે. પ્રિયંકાના વિધાનોને કોંગ્રેસ નેતૃત્વએ સમર્થન આપ્યું નથી. ગાંધી પરીવારથી જોડાયેલ અને તે વ્યક્તિગત નિવેદન કરે છે કે પક્ષ વતી કરે છે તેની સ્પષ્ટતા થવી જોઈએ કોંગ્રેસમાં અત્યારે નેતૃત્વની કટોકટી સર્જાઈ છે.

# હિટવેવ સ્થિતિ વચ્ચે હવે વડોદરામાં તાપમાન ૪૨

## રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ગરમીનો અનુભવ થયો : રોગચાળાએ પણ સકંજો વધુ મજબૂત બનાવી દીધો

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં હિટવેવ યથાવત રહેતા લોકોને તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ આવતીકાલે રહેશે. બીજી બાજુ આજે અમદાવાદમાં તાપમાન ૪૦.૧ ડિગ્રી રહ્યું હતું. રાજ્યમાં ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૦થી ઉપર પહોંચ્યું છે જેમાં અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, ડિસા, સુરત, ભાવનગરનો સમાવેશ થાય છે. સૌથી મહત્તમ તાપમાન આજે વડોદરામાં રહ્યું હતું. અહીં તાપમાન વધીને ૪૨ ડિગ્રી થયું હતું. તાજેતરના સમયમાં સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું છે. વડોદરામાં ૪૨ ડિગ્રી તાપમાન ઉપરાંત ઈડરમાં ૪૧.૧ અને અમરેલીમાં ૪૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગે રાજ્ય માટેની આગાહીમાં જણાવ્યું છે કે, ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સ્વચ્છ રહેશે. ઉત્તરપશ્ચિમથી ઉત્તરપૂર્વીય પવનો નીચલી સપાટી ઉપર હાલમાં ફુંકાઈ રહ્યા છે. લોંગ રેન્જ આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, મોનસુન સિઝનલ વરસાદ ૯૫ ટકા સુધી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં તીવ્ર ગરમીની સાથે સાથે રોગચાળાએ પણ આતંક મચાવ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓનો ભરાવો જોવા મળી રહ્યો છે.

# હવે ઈએમઆઈ પર સોનાના આભૂષણ નહીં ખરીદી શકાય

## નવા કંપની એક્ટમાં હપ્તા દ્વારા ચુકવાતી રકમને ડિપોઝિટ તરીકે ગણાવાના નિયમથી હપ્તાની પદ્ધતિવાળી સ્કીમ બંધ

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ શહેરમાં મધ્યમ વર્ગ અને અલગ અલગ જવેલરી કંપનીઓને સરળતાથી નાણાં કમાવી આપતા મોટા ભાગના જવેલરી શો રૂમમાં દર મહિને હપ્તા પદ્ધતિવાળી ગોલ્ડ સ્કીમ્સ ચાલુ હતી જેનાથી મધ્યમ વર્ગના લોકોને હપ્તાવાળી સ્કીમમાં થોડી બચત થઈ જતી હતી. પંરતુ નવા કંપની એકટમાં હપ્તાથી ચુકવાતી રકમને ડિપોઝીટ તરીકે ગણવાના નિયમથી હવે દર મહિને હપ્તા પદ્ધતિવાળી ગોલ્ડ સ્કીમ બંધ કરી દેવાઈ છે. જો કે નિયમનો સ્પષ્ટ ઉલ્લેખ થયો ન હોવાથી કેટલીક કંપનીઓએ આ સ્કીમ હજુ સુધી ચાલુ જ રાખી છે.

શહેરના મધ્યમ વર્ગમાં આવી સ્કીમ ખુબ જ લોકપ્રિય બની ગઈ છે કેમ કે દર વર્ષે હપ્તો ભરતાં હોવાથી વર્ષનાં અતંમાં ગ્રાહકોને સોનું ખરીદવામાં સરળતા પડે છે. ગ્રાહકો સાથે સંબંધ જાળવી રાખવા તેમજ મુડીની જરૂરીયાત સંતોષાય તે માટે મોટી મોટી જવેલરી કંપનીઓ આવી હપ્તા પદ્ધતિવાળી સ્કીમ ઉપર આધાર રાખે છે. આવી સ્કીમમાં કોઈ પણ પ્રકારનું વ્યાજ ભરવાનું હોતું નથી જેથી ગ્રાહકો રૂા. ૫૦૦ થી લઈને રૂા. ૩૦૦૦ સુધીનો હપ્તો ભરતા હોય છે જેમાં શો રૂમમાં ભેગા થયેલા રૂપિયાનું ગ્રાહકો સોનું ખરીદે છે. જો કે ભારતની પ્રતિષ્ઠત જવેલરી કંપની તનિષ્કએ અને બીજી ઘણી કંપનીઓએ નિયમની સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી નવા ગ્રાહકો લેવાનું બંધ કરી દીધું છે અને કેટલીક કંપનીઓએ એક વર્ષથી વધુ સમયગાળા માટે આ યોજનાઓ હાલ પૂરતી અટકાવી દીધી છે.

# શિક્ષકોને વેકેશન દરમિયાન નવા અભ્યાસક્રમની તાલીમ

અમદાવાદ, તા. ૨૫

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧ થી ૫માં નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટેની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ છે ત્યારે હજુ સુધી લોઅર પ્રાઈમરી સ્કુલના શિક્ષકોને નવા અભ્યાસક્રમની તાલીમ માટેનો કોઈ નિર્ણય લેવાયો ન હોવાનું જાણવા મળે છે. આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી અને અન્ય અધિકારીઓનો સંપર્ક કરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. શિક્ષણ જગતના વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ નવા અભ્યાસક્રમને પ્રજ્ઞા મેથડમાં સમાવી લેવામાં આવ્યો છે અને તેની તાલીમ સંભવતઃ ખુલતા વેકેશન દરમિયાન અપાઈ તેવી શક્યતા છે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી સત્રથી ધોરણ-૧ થી ૫માં નવો અભ્યાસક્રમ અમલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બીજી બાજુ ભાર વિનાનું ભણતર હેઠળ પ્રજ્ઞા મેથડનો પ્રારંભ બે વર્ષ પહેલા થઈ ચુક્યો છે અને તેમાં લોઅર પ્રાઈમરી સ્કુલના વિદ્યાર્થીઓને દફતર સ્કુલમાં જ રાખી અભ્યાસ કરવાની પદ્ધતિ સામેલ કરવામાં આવી છે. તેના કારણે વિદ્યાર્થીઓ સ્કુલમાંથી રજા મળ્યા બાદ ઘેર જાય ત્યારે તેના પર શિક્ષણનું કોઈ ભારણ ન રહે અને હોમવર્કનું કોઈ ટેન્શન ન રહે તેવું આયોજન શિક્ષણ બોર્ડે અમલમાં મુક્યું છે. પરંતુ નવુ સત્ર શરૂ થવાને આડે હવે માત્ર ગણતરીનો સમય બાકી રહ્યો છે. તેમ છતાં હજુ સુધી લોઅર પ્રાઈમરી સ્કુલના શિક્ષકોને નવા અભ્યાસક્રમની તાલીમ માટેનો કોઈ નિર્ણય લેવાયો ન હોવાનું જાણવા મળે છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે જો શિક્ષકોને જ નવા અભ્યાસક્રમ અંગે કોઈ માહિતી નહીં હોય તો તે વિદ્યાર્થીઓને શું ભણાવશે? આ અંગે જિલ્લા શિક્ષણ અધિકારી અને અન્ય અધિકારીઓનો સંપર્ક કરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો ન હતો. શિક્ષણ જગતના વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ નવા અભ્યાસક્રમને પ્રજ્ઞા મેથડમાં સમાવી લેવામાં આવ્યો છે અને તેની તાલીમ સંભવતઃ ખુલતા વેકેશન દરમિયાન અપાઈ તેવી શક્યતા છે.

# આઠ ખિસ્સા કાતરૂ રંગે હાથ મુદ્દામાલ સાથે ઝડપાયા

સેક્ટર-૨ સ્કોર્ડે રાજકીય જાહેર સભાઓ તથા લોક મેળાવડામાંથી પાકીટ તથા મોબાઈલ ફોન તફડાવતી ગેંગના આઠ આરોપીઓની કુલ્લે રૂા. ૩.૨૩ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી અસંખ્ય ગુનાનો ભેદ ઉકેલ્યો છે. શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સેક્ટર-૨ સ્કોર્ડના પીએસઆઈ એસ.વી. સીસારા તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે દિનેશભાઈ મગનભાઈ ઠાકોર, આશીફ જીભાની પઠાણ, અપ્સર મુશરફ શેખ, બાબુભાઈ ભેરાજી ભાટી, સુરજ જેઠાભાઈ સોલંકી, ઈશ્વરભાઈ રણછોડભાઈ વણઝારા, પવન ઉર્ફે શેરુ ઉમાશંકર શુક્લા તતા બળદેવભાઈ ઉર્ફે બલીયો રમણજી ઠાકોરને મોબાઈલ ફોન નંગ-૯, રોકડ નાણાં ૧૧,૫૦૦, ટાટા સુમો ગાડી મળી કુલ રૂા. ૩,૨૩,૦૦૦ના મુદ્દામાલ સાથે સરદારનગર ઈન્ડીકેપ ત્રણ રસ્તા પાસેથી ધરપકડ કરી છે.

## યુવા મોરચાના સંમેલનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૧૨ સ્થિત બલરામ ભવન ખાતે સાંજે ૫ થી ૮ દરમિયાન યુવા મોરચાનું સંમેલન યોજવામાં આવશે. આ દરમિયાન જાણીતા અભિનેતા મુકેશ ખન્ના યુવા કાર્યકરોને સંબોધન કરશે. સાંજના સમયે સે-૧૧ ખાતે મહીલા મોરચાનું સંમેલન પણ યોજવામાં આવશે.

## શબ્દાવલી - ૫૩૭૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | | |
| ૯ | | ૧૦ | | ■ | ■ | ■ | |
| | ■ | ૧૧ | | | | ■ | |
| ૧૨ | | | | ■ | ■ | ૧૩ | ■ |
| ■ | ■ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |

### આડી ચાવી

૧. વિદ્યા, જ્ઞાન (૩)
૩. છુટાછેડા, તલાક (૪)
૭. મહોરૂં, જોખમી પ્રવૃત્તિમાં બચવા માટે... પહેરાય (૨)
૮. વિમાન, બલુન (૫)
૯. પુરૂષનો ભોગ લેવાય તે(૪)
૧૧. ચડસાચડસી, ખેંચાખેંચી(૪)
૧૨. લોહીનું દાન (૪)
૧૪. કજિયો, અણબનાવ (૪)
૧૬. ખુબ સરસ જેવો ભાવ દર્શાવતો ઉદ્‌ગાર (૨)
૧૮. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૧૯. પાણી, જળ (૨)
૨૦. જન્મદિવસ (૪)
૨૧. પપ્પાના મમ્મી (૩)

### ઊભી ચાવી

૧. પ્રાણાણિક (૫)
૨. સૈન્ય, સેના (૩)
૩. ઉપવાસ, ભુખ્યા રહેવાના (૩)
૪. ભીડના અર્થમાં પ્રવાહી(૨)
૫. જવું તે, જતા રહ્યા (૨)
૬. નખરા, ખોટા લાડ (૪)
૮. વિશાળ, ખુબ મોટું (૪)
૧૦. સહન કરવું, સહનશીલતા (૪)
૧૩. સત્યવાદી, સાચુ બોલનાર (૪)
૧૪. ખરલ, વાટવાનો પથ્થર(૨)
૧૫. મોટાઇ, ગૌરવ (૩)
૧૬. પગથીયાં વાળો પહોળો કુવો (૨)
૧૭. ઉત્સાહ, આનંદ (૨)
૧૮. એક કઠોળ (૨)

### શબ્દાવલી ૫૩૭૭ના જવાબ

***આડી ચાવી :-*** (૧) રહેમદીલ (૫) પનો (૬) સીલક (૭) કમર (૯) રઘવાયુ (૧૧) બુન (૧૩) રઝાર (૧૫) કરકસર (૧૮) મસ (૧૯) તકાજો (૨૧) નિવાસ (૨૩) આમ (૨૪) કળશ

***ઊભી ચાવી :-*** (૧) રસીદ બુક (૨) હેલ (૩) મકર (૪) લકવા (૫) વર (૮) મયુર (૧૦) ફુરસદ (૧૨) નરક (૧૪) ડામ (૧૬) સતવાણી (૧૭) રકાસ (૨૦) ગઆ (૨૨) આળ


## કંપની સમાચાર

### લિબર્ટી દ્વારા નવા સ્પ્રિંગ સમર મેન્સ કલેક્શન કૂલર્સની રજૂઆત

ગરમીની શરૂઆતમાં લિબર્ટીએ પુરૂષો માટે કૂલર્સની શૂઝ રેન્જની રજૂઆત કરી છે. આ શૂઝ ધોમધખતી ગરમીમાં શીતળતા આપશે અને પગને ગરમીની સિઝનમાં ઠંડક આપશે. સ્લિપ ઓન્સ, સ્પોર્ટી સેન્ડલ, થોન્ગમ અને ફ્રન્ટ ક્લોઝ્ડ ડિજાઈનમાં ઉપલબ્ધ કૂલર્સ તાજી હવા પૂરી પાડે છે. આ શ્રેણી આકર્ષક રંગોમાં ઉપલબ્ધ છે. જેને ગરમીની ઋતુના વસ્ત્રોને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે. અત્યંત ફેશનેબલ શ્રેણી રૂ. ૭૯૯ની આકર્ષક કિંમતમાં ઉપલબ્ધ છે.

કૂલર્સ ફ્રન્ટ ક્લોઝ્ડ સેન્ડલ ગતિસીલ ફૂટવેરની શ્રેણી છે. જેને સેમીફોર્મલ વસ્ત્રોની સાથે મેચ થતી ડિઝાઈનમાં તૈયાર કરવામાં આવ્યા છે. લિબર્ટી ગ્રુપના ડાયરેક્ટર રિટેલ શ્રી અનુપમ બંસલે જણાવ્યું હતું કે, 'કૂલર્સને બજારમાં એક યુવા તેમજ ઉર્જાવાન બ્રાન્ડના રૂપમાં રજૂ કરવાનો અમારો ઉદ્દેશ છે. આ એવી શ્રેણી છે જે પગને વધારેમાં વધારે આરામ આપે છે. દરેક ફેશનેબલ પુરૂષ કૂલર્સની સાથે કૂલ લૂક અપનાવી અને સંપૂર્ણ સ્ટાઈલ સાથે સ્પ્રિગ સમર ૨૦૧૪નું સ્વાગત કરે.'

### ડીકેએનવાય સ્ટેનહોપ ટાઈમપિસીઝની રજૂઆત

ડીકેએનવાય દ્વારા લેટેસ્ટ સ્ટેનહોપ ટાઈમપિસીઝ કલેકશન રજૂ કરવામાં આવ્યું છે. આધુનિક મહિલાઓ માટે ભવ્યતા અને ગ્લેમરની લાક્ષણિકતાઓ ધરાવતું આ કલેકશન આગવી છાપ ઉસાવી જાય છે.

સ્ટેનલીસ સ્ટીલ બ્રેસલેટ અને બ્રશ્ડ ફિનિશ્ડ ડાયલ્સ તાજા અને ઉનાળા માટે સચોટ અભિગમને વ્યકત કરે છે. એનવાયર૧૩૩ શાઈનિંગ સિલ્વર, એનવાયર૧૩૪ બ્રિલિયન્ટ ગોલ્ડ અને એનવાયર૧૩૪ રેડિયન્ટ રોઝ ગોલ્ડમાં ઉપલબ્ધ છે. એનવાયર૧૩૬ મોડલ નવીજ ભવ્યતા અને લકઝુરિયસ સ્ટાઈલને વ્યકત કરે છે. ડીકેએનવાય સ્ટેનહોય કલેકશન રૂ ૫૭૯૫ અને તેથી વધુ કિંમતમાં ઉપલબ્ધ છે. શોપર્સ સ્ટોપ, લાઈફ સ્ટાઈલ, હેલિયોસ, ઈથોઝ, જસ્ટ ઈન વોગ, ડબલ્યુએસઆઈ સ્ટોર્સ અને અન્ય ટોચના ઘડિયાળ વિક્રેતાઓને ત્યાં ઉપલબ્ધ છે.


## ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાર્દિકના મતે સંસદસભ્યને મળતી ગ્રાન્ટ માત્ર બસ સ્ટેન્ડ બનાવવા માટે જ વાપરવા નથી હોતી પરંતુ ઘણી બધી સ્થાનિક સમસ્યાઓ એવી છે જેને ઉકેલવા માટે વાપરવી જોઈએ અને જે ઉમેદવાર આ પ્રકારના કાર્યો કરવા સક્ષમ હશે તેને જ મારો મત મળશે. હાર્દિક કહે છે ઉમેદવારનું રહેઠાણ મત વિસ્તારમાં જિલ્લાના મુખ્ય મથકે હોવું હિતાવહ છે જેથી સામાન્ય માણસ આસાનીથી મળી શકે અને આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ. વળી સંસદસભ્ય એવો હોવો જોઈએ કે જે જરૂર પડે સ્થાનિક સમસ્યાઓના નિરાકરણ માટે સંસદમાં રજૂઆત કરે તેવો હોવો ખાસ જરુરી છે.

બીજા એક મતદાર વિજય રામી પણ સેકટર-૨૪માં જ રહે છે અને શેરબજારની ઓફિસમાં કામ કરે છે. તેમના વિચારો પણ આવા જ છે પરંતુ તેમના મતે મોંઘવારી જ આ દેશની મોટી સમસ્યા છે. મોંઘવારીના કારણે ત્રાસેલી પ્રજા હવે આ દેશની સરકારને જવાબ આપવા તૈયાર છે. તેઓ કહે છે આ મોંઘવારીનું મૂળ તો ભ્રષ્ટાચાર છે. જેના કારણે સરવાળે પ્રજાના ખિસ્સા પર માર પડે છે. મધ્યમવર્ગીય પરિવારનું જીવન સતત વધતી જતી મોંઘવારીના કારણે દોહ્યલું બની ગયું છે. ભારતની પ્રજાએ છેલ્લા દસ વર્ષથી યુપીએ સરકારને અજમાવી જોઈએ છે પરંતુ ભ્રષ્ટાચાર અને મોંઘવારી બાબતે આ સરકાર સરિયામ નિષ્ફળ નીવડી છે આ માટે હવે નરેન્દ્ર મોદીને એક તક આપવી જોઈએ તેવું કહેતા તેઓ ઉમેરે છે કે અહીં સ્થાનિક લેવલે સંસદ સભ્ય અડવાણી પણ નિષ્ફળ રહ્યા હોવા છતાં નરેન્દ્ર મોદીને મત આપવા તેમને મત આપવો જરુરી બનશે. વિજય રામીના મતે હવે મતદાતાએ સ્થાનિક મુદ્દાઓ બાબતે વધુ જાગૃત થવાની જરૂર છે અને પોતાનો અવાજ ઉઠાવવાની પણ જરુર છે.

ઈલેકશન લાઈવમાં રજુ કરાતા ગાંધીનગર લોકસભા મતવિસ્તારના મતદાતાઓના વિચારો અને આક્રોશ અથવા અભિપ્રાયો વાંચીને પ્રોત્સાહિત થયેલ એક યુવા મતદાર પ્રણવ ગુર્જરે આજે સામેથી ઈલેકશન લાઈવની ટીમનો સંપર્ક કર્યો હતો. સરગાસણ ચાર રસ્તા પાસે રહેતા પ્રણવે પક્ષની વિચારધારાને મહત્વ આપતા ઉમેદવારના વ્યકિતત્વનો અને તેની કાર્યશૈલીનો પણ ખ્યાલ ધ્યાન રાખવા જેવો છે જે ઉમેદવાર સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ ના લાવી શકે અથવા લોકલ લેવલે વિકાસના કાર્યો ના કરી શકે તે દેશની સંસદમાં જઈને શું કરશે? તે પક્ષની વિચારધારાને કેવી રીતે અનુસરશે? કારણ કે દરેક પક્ષની વિચાધારાના મૂળમાં સ્થાનિક સમસ્યાઓનું ઝડપી નિરાકરણ લાવવું તેનો સમાવેશ થાય જ છે. તેમના મતે આપણા મત વિસ્તારમાં સૌથી અગત્યનો પ્રશ્ન ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો છે કારણ કે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ખાસ કરીને સરખેજ-ગાંધીનગર રૂટ પર પબ્લીક ટ્રાન્સપોર્ટની ખૂબ જ અછત છે. સાંજે ૮ વાગ્યા પછી તો બસ સેવા મેળવવી ખુબ જ અઘરું બની જાય છે. પહેલા મેટ્રો ટ્રેનનું પણ જે પ્લાનીંગ થયેલું તે પણ જે રૂટ પર ફ્રિકવન્સી વધુ હયાત છે ત્યાં જ હતું. ગાંધીનગરના વિકાસ માટે રેલવેનો વિકાસ ખૂબ જ અગત્યનો છે, પ્રણવ વિકાસના મુદ્દે જ મતદાન કરશે અને તેઓ પણ કેન્દ્રમાં નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે જોવા માંગે છે. તેમના મતે મોદી દેશનો વિકાસ જરુર કરી શકશે પરંતુ ભ્રષ્ટાચારને નાથી શકશે કે નહિ તે કહેવું અઘરું છે. ભ્રષ્ટાચારના ભોરીંગે આ દેશને એવો ભરડો લીધો છે કે તેને કાબૂમાં લેવો એ કોઈના પણ માટે અતિ મુશ્કેલ કાર્ય જણાય છે.

મોંઘવારી, ભ્રષ્ટાચાર જેવી રાષ્ટ્રીય સમસ્યાઓથી લઈને વાહન વ્યવહાર અને વિકાસના કાર્યો જેવા સ્થાનિક પ્રશ્નો અંગે મતદાતાઓ હવે આકરું વલણ અપનાવી રહ્યા છે પરંતુ સંસદસભ્યને ચૂંટવા માટે સ્થાનિક સમસ્યાઓ નજર સમક્ષ રાખવી કે દેશનું સુકાન સોંપવા તેને અવગણીને રાષ્ટ્રીય સમસ્યાઓને પ્રાધાન્ય આપવું તે બાબતે અવઢવ પ્રવર્તી રહી છે. જોઈએ આ 'ફોર્મેટ'માં આખરી જીત કોની થાય છે?